# ટી પ્લાન્ટેશન મેનેજર (ચાના બગીચાના વ્યવસ્થાપક)

ટી એસ્ટેટ/પ્લાન્ટેશન મેનેજર ટી એસ્ટેટની એકંદર કામગીરીનું નિરીક્ષણ અને નિયંત્રણ કરે છે. તેઓ ચાના છોડના પ્રારંભિક વાવેતરની પ્રક્રિયાથી લઈને ગોદામમાં પત્તિઓના અંતિમ સંગ્રહ સુધીની પ્રવૃત્તિઓના સંકલન માટે જવાબદાર છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમને નેતૃત્વ કરવું ગમે છે
- તમને બહાર કામ કરવાનું ગમે છે
- તમને સમસ્યાઓ/પરિસ્થિતિઓ ઉકેલવી ગમે છે
- તમે અન્ય લોકો સાથે સહજતાથી વાતચીત કરી શકો છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧૫,૦૦૦ થી ૧,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વિજ્ઞાન પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો. (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન)

૨. વનસ્પતિ શાસ્ત્ર / હોર્ટિકલ્ચર / કૃષિ વિજ્ઞાન / ચા ઉછેર અને તકનીકીમાં સ્નાતક (B.Sc)ની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતક (B.Sc)ની ડિગ્રી પછી, સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Sc)ની ડિગ્રી પ્રાપ્ત કરો. **અથવા**

ટી મેનેજમેન્ટમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ટી પ્લાન્ટેશન મેનેજરનું માસિક વેતન રૂ. ૧,૦૦,૦૦૦ થી ૧,૧૨,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત: https://www.ambitionbox.com/profile/tea-garden-manager-salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સમગ્ર ભારતમાં જાહેર અને ખાનગી ક્ષેત્રની કંપનીઓ, એજન્સીઓ અને બેંકો

**કાર્યસ્થળનું વાતાવરણ:** તમે કોઈ ઓફિસમાં કામ કરી શકો છો. તમારે એક ટીમનું સંચાલન કરવાની જવાબદારી નિભાવી પડી શકે છે. આ નોકરીમાં સ્થાનિક મુસાફરી કરવાની જરૂર રહેતી નથી. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

રિસેપ્શનિસ્ટ (હોટેલ) → રિપોર્ટિંગ હેડ → એડમિનિસ્ટ્રેશન સુપરવાઈઝર → ગ્રાહક સેવા મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ફ્રન્ટ ઑફિસ એક્ઝિક્યુટિવ, ગેસ્ટ રિલેશન, ઑફિસ આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેશન

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વિજ્ઞાન/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાન્ટેશન મેનેજમેન્ટ - બેંગલુરૂ
૨. નોર્થ બંગાળ યુનિવર્સિટી - દાર્જિલિંગ
૩. આસામ કૃષિ યુનિવર્સિટી
૪. ટોકલાઈ ટી રિસર્ચ ઇન્ટિટ્યુટ
૫. ઉત્તર બંગા કૃષિ વિશ્વવિદ્યાલય, પશ્ચિમ બંગાળ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. દાર્જિલિંગ ટી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ એસોસિએશન - [ડી.ટી.આર.એમ.એ.], દાર્જિલિંગ
૨. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ફ્યુચરિસ્ટિક સ્ટડીઝ - કોલકાતા
૩. દિપ્રસ ઈન્સ્ટિટ્યુટ ઑફ પ્રોફેશનલ સ્ટડીઝ- કોલકાતા
૪. ધ ટી ટેસ્ટર્સ એકેડેમી

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in



મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**કર્મા ડોલ્મા** કેન્દ્રિય તિબેટીયન વહીવટીતંત્રના એક નાગરિક સેવક છે. ડોલ્માએ દિલ્હી બોર્ડ ઓફ ટેકનિકલ એજ્યુકેશનમાંથી સેક્રેટરીયલ પ્રેક્ટિસમાં ડિપ્લોમાનો અભ્યાસ કર્યો. ત્યારબાદ, સેન્ટ્રલ તિબેટીયન એડમિનિસ્ટ્રેશન (સી.એ.ટી.) દ્વારા તેમને ગૃહ વિભાગમાં કરાર આધારિત સ્ટાફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા. ત્યાં તેણીએ યુ.એસ. ૧,૦૦૦ તિબેટીયન ઈમિગ્રેશન પ્રોજેક્ટના સંપર્ક અધિકારીના સહાયક તરીકે સેવા આપી હતી. જૂન ૧૯૯૩માં પ્રોજેક્ટ પૂર્ણ કર્યા પછી, તેણીને સ્પોન્સરશિપ સેક્રેટરી તરીકે નિમણૂક આપવામાં આવી હતી અને મે ૧૯૯૭માં, પ્રવેશ પરીક્ષા દ્વારા તેણીને ઓફિસ સેક્રેટરીના પદ માટે પસંદ કરવામાં આવ્યા હતા.*

સ્રોત: https://tibet.net/saturday-shout-out-cta-civil-servant-karma-dolma/

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.